દબાણ હટાવો ઝુંબેશમાં વ્હાલા દવલાની નીતિ

શહેરના ખૂણે ખૂણેથી દબાણો હટાવાયા છે ત્યારે સે-૧૬માં હજી પણ ખાણી પીણીની લારીઓનો ધમધમાટ

ગાંધી.તા.૨૯

પાટનગર માં છેલ્લા કેટલાય દિવસોથી દબાણ હટાવો ઝુંબેશ હાથ ધરવામાં આવ્યું છે.જેમાં શહેર ના ખૂણે ખૂણે થી નાના મોટા દબાણો હટાવવાની કાર્યવાહી કરવામાં આવી છે.

માર્ગો ની આસપાસ દબાણો દૂર થતાં વાહન ચાલકો એ રાહત ના શ્વાસ લીધા છે. પરંતુ તંત્ર દ્વારા અમુક દબાણો ને નજર અંદાજ કરાઈ રહ્યા છે તેવી ફરિયાદ ઉઠવા પામી છે.

શહેર ના ઇન્ફોસિટી રોડ, કુડાસણ , સરકારી ઓફિસો ની આસપાસ ના દબાણ સહિત નાના મોટા દબાણો હટાવાયા છે તો આ સેક્ટર ૧૬ માં તૃપ્તિ આઈસ્ક્રીમ તરફ ના ફૂટપાથ પાસે ઊભા રહેલા દબાણો ક્યારે દૂર કરવામાં આવશે તેવા પ્રશ્નો ઉઠી રહ્યા છે?

તંત્ર દ્વારા વ્હાલા દવલાની નીતિ અપનાવવામાં આવતી હોય તેવું દ્રશ્યમાન થઈ રહ્યું છે.

કારણ કે જે દબાણો દૂર કરેલા છે તેમની રોજી રોટી માટે આર્થિક ફટકો પડ્યો છે.વેપારીઓ માં રોષ વ્યાપી ગયો છે કારણ કે મોટા ભાગ ના દબાણો દોર કરવામાં આવ્યા હોય તો તેમાં આ દબાણો ને કેમ હજી ધમધમવા દીધા છે ? તેવા રોષ સાથે વેપારીઓ સવાલ ઉઠાવી રહ્યા છે.

માર્ગોની આસપાસ વધતી જતી ખાણી પીણી ના કારણે વાહન ચાલકોને હાલાકી પડે છે.

અકસ્માતો સર્જાયા રહે છે.એવા વિસ્તારોના દબાણો તાત્કાલિક ધોરણે તંત્ર દ્વારા હટાવી દેવાયા છે.

ત્યારે હજી પણ સેક્ટર ૧૬ ખાતે દબાણો જોવા મળી રહ્યા છે.જેમાં વાહન ચાલકો માટે પાર્કિંગ વ્યવસ્થા ઉપલબ્ધ કરેલ છે તે જગિયા પર દબાણોના ધામા છે.તેથી આ વિસ્તાર માં વાહન વ્યવહાર ખોરવાઈ રહ્યો છે.

પાટનગર માં સ્થાનિક દુકાનદારો ને આ નાના મોટા દબાણો ના કારણે આર્થિક નુકશાન પહોંચે છે.તેથી આ દબાણો દૂર કરવાની માંગ ઉઠી છે.

મહિલા ઉદ્યોગ સાહસિકોના માર્ગદર્શન માટે G20 અંતર્ગત સેમિનાર યોજાયો

મહિલા ઉદ્યોગ સાહસિકોનાં સામર્થ્ય અને ઉદ્યમિતા કૌશલ્યથી રાજ્યના વિકાસને નવી દિશા મળશે

ગાંધીનગર,તા.૨૯

G20 અંતર્ગત મહિલા સાહસિકતાઓ માટે સ્ટાર્ટઅપ અંગે વૈશ્વિક વ્યૂહ રચના સંદર્ભે ગાંધીનગરના ભાટ નજીક આવેલા ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થાન - ઈડીઆઈઆઈ ખાતે એક સેમિનારનું આયોજન કરાયું હતું. જેમાં મુખ્ય અતિથિ પદે ઉપસ્થિત રહેલા સહકાર અને ઉદ્યોગ રાજ્ય મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ ઉપસ્થિત મહિલાઓને પ્રોત્સાહન પૂરું પાડતા જણાવ્યું હતું કે મહિલા ઉદ્યોગ સાહસિકોનાં સામર્થ્ય અને ઉદ્યમિતા કૌશલ્યથી રાજ્યના વિકાસને નવી દિશા મળશે. કાર્યક્રમમાં મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ સૌપ્રથમ ઉદ્યોગ સાહસિક મહિલાઓના અનુભવ અને મંતવ્ય જાણ્યા હતા. મહિલાઓને વ્યવસાયની શરૂઆત કરવા માટે પડતી સામાજિક - આર્થિક તકલીફો વિશે જાણી તેમણે મહિલાઓને પ્રેરક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, સ્ત્રી જ પોતે અન્ય માટે એક મોટીવેશન છે.

જરૂર છે તો માત્ર મહિલાએ પોતાના સામર્થ્યને પારખવાની. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વ્યવસાય શરૂ કરવાનો વિચાર એ સફળ થવાની દિશામાં પ્રથમ પગથિયું છે. વ્યવસાય નાનો કે મોટો નથી હોતો તેને કઈ ઊંચાઈ સુધી લઈ જવો એ વ્યક્તિના પોતાના હાથમાં છે. મંત્રીશ્રી એ જણાવ્યું હતું કે વ્યવસાયમાં આવતા અવરોધો, માર્કેટીંગનાં પડકારો, આર્થિક સમસ્યા આ બધા મુદ્દાને આવરી લઈ જેમ જેમ આગળ વધતા જઈએ તેમ તેમ પોતાની આત્મશક્તિમાં વધારો થતો જશે અને મહિલા એક ગૃહિણીની સાથે સાથે સફળ સક્ષમ બિઝનેસ વુમન બની ઉભરી આવશે. આ પ્રસંગે મહિલાઓ માટે મદદરૂપ સરકારી યોજનાઓની માહિતી આપતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારની મુદ્રા યોજના, સ્ટાર્ટ અપ ઈન્ડિયા, સ્ટેન્ડ અપ ઈન્ડિયા જેવી યોજનાઓ મહિલા ઉદ્યોગ સાહસિકો માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

ઓમ લેન્ડમાર્ક સ્કૂલનાં પરિસરમાં આયોજિત ' અખિલ ભારતીય શિક્ષા સમાગમ ' ના પ્રોગ્રામમાં અંગ્રેજી માધ્યમના શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઓનલાઈન મારફતે ભાગ લીધો હતો.

૪૩મી આંતર સીમાંત કુસ્તીસમુહ પ્રતિયોગિતા-૨૦૨૩નું ભવ્ય સમાપન

ગાંધીનગર,તા.૨૯

સીમા સુરક્ષા દળ-બી.એસ.એફ.ના ગુજરાત ફ્રન્ટિયરના યજમાનપદે ગાંધીનગરમાં ૪૩મી આંતર સીમાંત કુસ્તીસમુહ પ્રતિયોગિતા-૨૦૨૩ નું આયોજન કરાયું હતું. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં ભવ્ય સમાપન સમારોહ યોજાયો હતો. વિજેતા ટીમો અને ખેલાડીઓને ટ્રૉફી-મેડલ્સ અને પ્રમાણપત્રો અર્પણ કરતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ બી.એસ.એફ.ના જવાનો રમતના મેદાનોમાં અને દેશની સીમાઓ પર વિજયી થાય અને ભારતનું ગૌરવ-પ્રતિષ્ઠા વધારે એવી શુભકામનાઓ પાઠવી હતી.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ વિજેતાઓને અભિનંદન આપ્યા અને અન્ય ખેલાડીઓને વધુ મહેનતપૂર્વક પ્રેક્ટિસ કરવા પ્રોત્સાહિત કર્યા હતા. ધોધમાર વરસાદ વચ્ચે પણ અડગ ઊભા રહેલા બી.એસ.એફ.ની વિવિધ ટીમોના રમતવીરોને સંબોધીને તેમણે કહ્યું કે, પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં દેશની સીમાઓ સાચવી બેઠેલા બી.એસ.એફ.ના જવાનો ભારતીય સેના કરતાં પણ અગ્રેસર ફરજ બજાવે છે. આ મોસમ આવા વીર જવાનોના જુસ્સાને ડગાવી શકતી નથી, બલકે આ જવાનો મોસમના મિજાજને બદલી નાખવા સમર્થ છે. રમતગમત સ્પર્ધાઓના સુંદર આયોજન બદલ તેમણે બી.એસ.એફ. ગુજરાતના મહાનિરીક્ષક શ્રી રવિ ગાંધી અને તેમની ટીમને અભિનંદન આપ્યા હતા.ગાંધીનગર બીએસએફ માં તા. ૨૫ થી ૨૯ જુલાઈ દરમિયાન ૪૩મી આંતર સીમાંત કુસ્તીસમુહ પ્રતિયોગીતાનું આયોજન કરાયું હતું. આ સ્પર્ધાઓમાં સીમા સુરક્ષા દળની ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સીમાના કાશ્મીર, જમ્મુ, પંજાબ, રાજસ્થાન અને ગુજરાત તથા ભારત-બાંગ્લાદેશ સીમા પર તહેનાત ઉત્તર બંગાળ, દક્ષિણ બંગાળ, ગૌહાટી, મેઘાલય, મણીપુર-કછાર અને ત્રિપુરા સહિત કુલ ૧૧ ફ્રન્ટિયરોની ટીમોએ ભાગ લીધો હતો

'સેમીકોન ઈન્ડિયા-૨૦૨૩'ના પગલે મહાત્મા મંદિરનું પાર્કિંગ બન્યું નર્કાગાર.!

પાર્કિંગ લોટમાં જ્યાં ત્યાં ફેંકી દેવાયેલા ફુડ પેકેટ્સના ખડકલાંથી ગંદકીનો માહોલ : ખાલી ફુડપેક્ટેસમાં વરસાદી પાણી ભરાતા જીવજંતુઓના ઉપદ્રવનો ખતરો

ગાંધીનગર, તા. ૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સ્વચ્છતા અભિયાન ચલાવાઈને સમગ્ર દેશમાં સ્વચ્છતાનું મહત્વ સમજાવવા અને ભારતને એક સાફસુથરો દેશ બનાવવા અથાક તેમજ પ્રસંશનીય પ્રયાસો હાથ ધરવામાં આવ્યાં છે. જો કે હજુ પણ દેશમાં અનેક નાગરિકોની સ્વચ્છતા જાળવણી પ્રત્યેની બેદરકારી આ અભિયાનને સંપૂર્ણ રીતે સફળ થવામાં આડે ઉતરી રહી છે. વડાપ્રધાને હજુ ગઈકાલે જ ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે જે 'સેમીકોન ઈન્ડિયા-૨૦૨૩'ને સંબોધન કર્યુ હતુ તે ઈવેન્ટના કારણે મહાત્મા મંદિરના પાર્કિંગમાં પોલીસકર્મીઓ સહિત વ્યવસ્થામાં ભાગરૂપ આવેલા કર્મચારીઓ માટે અપાયેલા ફૂડપેક્ટ્સને ખાઈને જેમ તેમ ફેંકી દેવાતાં ગંદકીનો માહોલ સર્જાયો છે, તેમજ તેમાં વરસાદી પાણીનો ભરાવો થતાં માખી-મચ્છર સહિતના જીવજંતુઓના ઉપદ્રવના ખતરા સહિત વિદેશી મહેમાનો સામે દેશની શાનને બટ્ટો પણ લાગી રહ્યો છે. 'સેમીકોન ઈન્ડિયા ૨૦૨૩'માં શુક્રવારે મહાત્મા મંદિર ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પધાર્યા હતા જેને અનુલક્ષીને સઘન બંદોબસ્ત તથા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. આ કારણે ખૂબ મોટી સંખ્યામાં વિવિધ પોલીસકર્મીઓ, સુરક્ષા કર્મીઓ તેમજ અન્ય કર્મચારીઓનો ખડકલો કરવામાં આવ્યો હતો. ફરજ પરના કર્મચારીઓના ભોજન માટે

ફૂડપેક્ટ્સની વ્યવસ્થા કરવામાં આવી હતી જેને આરોગ્યા બાદ પાર્કિંગ લોટમાં અપુરતી ડસ્ટબીનોના અભાવે તેમજ હયાત ડસ્ટબીનો ભરાઈ જવાથી ખાલી તેમજ અર્ધ ખાલી ફુડપેકેટ્સને પાર્કિંગ લોટમાં વચ્ચેના ફૂલછોડની ઝાડીઓમાં ફેંકી દેવાની ઘટના સર્જાવા પામી છે. આ ફૂડપેક્ટ્સના પ્લાસ્ટિકના ખાલી બોક્સ જેમાં કેટલાંક તો ખોરાકથી અધૂરાં ભરેલા એંઠવાડ સાથેના હતા તેમાં આજે વરસેલા વરસાદી પાણીનો ભરાવો થઈ જતા પાર્કિંગ લોટમાં ગંદકીનો માહોલ છવાયો હતો. ગઈકાલના ફેંકાયેલા ફુડ પેકેટ્સ હજુ સુધી સફાઈતંત્ર દ્વારા ઉઠાવાયા ના હોવાથી આ પરિસ્થિતિ સર્જાવા પામી છે જેના કારણે મહાત્મા મંદિરની સુંદરતા સહિત પાટનગરની સ્વચ્છતાની 'સોનાની થાળીમાં લોઢાની મેખ' સમાન સ્થિતિ સર્જાવા પામી છે. ગંદકી સાથે ખાલી ફુડપેકેટ્સમાં ભરાઈ રહેલા પાણીને કારણે આ વિસ્તારમાં માખી-મચ્છર જેવા જીવજંતુઓના ઉપદ્રવની શક્યતા વધી ગઈ હોવાથી આ વિસ્તારમાં રોગચાળો ફેલાઈ શકે છે જેથી સત્વરે આ પાર્કિંગ લોટમાં સફાઈ કાર્યહાથ ધરીને ગંદકીના ઢગ હટાવવા ઉપરાંત જંતુનાશક દવાનો છંટકાવ કરવો જરૂરી બન્યો છે. અત્રે ફેલાયેલી ગંદકીના કારણે સેમીકોન ઈન્ડિયામાં આવેલા વિદેશી ઉત્પાદકો અને મુલાકાતીઓ ઉપરાંત ડેલિગેટ્સમાં પણ ગુજરાતના પાટનગરની નકારાત્મક છબી પ્રસરી રહી છે જેને સત્વરે અટકાવવી જોઈએ તેવું જણાઈ રહ્યું છે.

ગાંધીનગર લાયોનેસ કલબના પીપી ભાવનાબેન પટેલ તરફથી કુહાની શાંતાબેન ભલાભાઈ શિશુવિહારમાં રમતગમતનાં સાધનો તથા આખા વર્ષના નાસ્તા માટે અને ગૌરીવ્રત માટે માટે ફંડ આપવામાં આવ્યુ હતું. લાયન્સકલબના પ્રમુખ રીટાબેન સાથે સભ્યો મોટી સંખ્યાંમાં જોડાયા હતા.

કેડિલા ફાર્માસ્યુટિકલ્સ દ્વારા સંચાલિત ઈન્દ્રશીલ યુનિવર્સિટીનું GCA સાથે MOU

ગાંધીનગર, તા.૨૯

કેડિલા ફાર્માસ્યુટિકલ્સ દ્વારા સંચાલિત ઈન્દ્રશીલ યુનિવર્સિટી એ ગુજરાત કેમિકલ એસોસિએશન સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. યુનિવર્સિટી ના પ્રોવોસ્ટ ડૉ ડી જે શાહ ના જણાવ્યા મુજબ આ MOU થી વિદ્યાર્થીઓ, તજજ્ઞો તથા ઈન્ડસ્ટ્રીઓ ના પરસ્પર સહકારથી રિસેર્ચ, કન્સલ્ટન્સી તથા અભ્યાશમાં નિપુર્ણતા કેળવવામાં મદદ કરશે. યુનિવર્સિટી ખાતેની અદ્યતન પ્રયોગશાળાઓ ઈન્ડસ્ટ્રી ને આર એન્ડ ડી તથા ભવિષ્યની ટેક્નોલોજી નો વિકાશ કરવામાં સિંહ ફાળો આપશે. આથી વિદ્યાર્થીઓને

પણ કારકિર્દી સુદ્રઢ બનાવવામાં મદદ કરશે. યુનિવર્સિટીના કોર્પોરેટ રિલેશન્સ, ટ્રેનિંગ અને પ્લેસમેન્ટના હેડ શ્રી નિમિષ દવે એ જણાવ્યું હતું કે એમઓયુ સંયુક્ત શૈક્ષણિક સંશોધન, સંયુક્ત વર્કશોપ, વ્યવસાયિક વિકાસ, ઈન્ટર્નશિપ, પ્લેસમેન્ટ, ઉદ્યોગ મુલાકાત, ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ્સ, કન્સલ્ટન્સી, સંસાધનોની વહેંચણીના અને પરિષદોમાં ભાગીદારી ક્ષેત્રોમાં વ્યાપક સુવિધા આપશે.

પુરુષાર્થ કર્યા પછી જે ફળ પ્રાપ્ત થાય તેને ઈશ્વરનું વિધાન સમજી સ્વીકારી લેવું

શિવમહિમ્નસ્તોત્ર પ્રવચન શ્રેણી સાતમો દિવસ

ભગવાન શિવના વિરાટ સ્વરૂપના વર્ણન સાથે આચાર્ય પુષ્પદંતજી કહે છે કે કોઈ પણ વિરાટના દર્શનથી આપણને આપણી વામનતાનો ખ્યાલ આવે છે. વિરાટનું ચિંતન આપણા મિથ્યાભિમાન, અહંકારને શિથિલ કરે છે. આકાશ દર્શન, સૂર્ય-ચંદ્ર તારાની વિશાળતાનું ચિંતન કરો તો જીવને વામણાપણાનો અનુભવ થાય છે. અનંત બ્રહ્માંડ સામે આપણું અસ્તિત્વ ટપકા સ્વરૂપે જ છે. સાધકે સમજવું પડે કે વાસ્તવમાં હું કંઈ જ નથી. ત્યારે જ એ સચ્ચિદાનંદના વિરાટ સ્વરૂપને પામી શકે છે. ભગવાનના સર્વાધિશ્વર રૂપનું અહીં

આચાર્યશ્રી વર્ણન કરે છે.

શ્લોક : ૧૮

આચાર્ય ભગવાન સદાશિવ સાથે આત્મિયતા અનુભવે છે. પહેલાં સંકોચ અનુભવતા આચાર્યજી હવે કંઈ પણ કહેતા અચકાતા નથી. કહે છે 'પ્રભુ તમે તો આડંબર કરતા પણ અચકાતા નથી ' ઈશ્વરની લીલાઓ, કાર્યો જીવની બુધ્ધિ થી પર હોય છે. કેમ કેવી રીતે એ જવાબો મળતા નથી. પરંતુ એ જગતના હિતમાં જ હોય છે. જેને આપણે પૂરેપૂરી સમજી શકતા નથી એ બધી લીલા કહેવાય છે. આચાર્ય લીલાને દર્શાવે છે. કથા પ્રમાણે તાડકાસુરના ૩ પુત્રો હતા. તેમણે બહુ તપસ્યા કરી બ્રહ્માજીને પ્રસન્ન કર્યા. અમરત્વનું વરદાન માંગે છે. બ્રહ્માજી તેમને નિમિત્તમૃત્યુ માંગવા કહે છે. તો તેઓ માંગે છે કે વિશ્વકર્મા પાસેથી અમને વિમાન જેવી ૩ નગરી બનાવી દો, જે સ્થળમાં, આકાશમાં અને જળમાં પણ હોય. આ વરદાન તેમને પ્રાપ્ત થાય છે. આવી નગરીમાં તેઓ વિચરણ કરતા રહેતા. સમય જતાં બુધ્ધિ બગડતા દેવતાઓને હેરાન કરવાનું શરૂ કર્યું. બધા દેવતા વિષ્ણુ પાસે ગયા ત્યાંથી સદાશિવ પાસે ગયા અને વર્ણન કર્યું ત્યારે ભગવાન શિવ કહે છે કે એમની મતિ બગડેલી છે, પણ તેઓ મારી ભક્તિ પૂજા નિત્ય કરે છે. વેદ, ગાય, બ્રાહ્મણની પૂજા કરે છે. શિવજી કહે છે એનું પુણ્ય જ્યાં સુધી દેદિપ્યમાન છે ત્યાં સુધી હાલ તરત કોઈ હલ નીકળી શકશે નહીં. રાહ જોવી જરૂરી છે. વિષ્ણુ સાથે મળી દેવતાઓએ અરિહંત નામના વ્યક્તિની મદદથી અસુર પુત્રોની શ્રધ્ધા ડગાવી. તેમનું પાપ વધાર્યુ. ફરી શિવજી પાસે દેવતાઓ પહોંચ્યા અને મદદ માટે વિનંતી કરી આ નગરીઓનો નાશ કરવા માટે શરતો હતી. શિવજીએ કહ્યું એક હજાર વર્ષમાં એક વખત એક ક્ષણ માટે આદ્રાનક્ષત્ર અને અભિજિત મુર્હૂતમાં ત્રણેય નગરી એક જ લાઈનમાં આવે છે. ત્યારે જ એનો નાશ શક્ય છે. શિવજી એ કહ્યું કે હજુ આ નગરીના નાશ માટે ૧૦૦ વર્ષ બાકી છે પણ તૈયારી અત્યારથી શરૂ કરવી પડશે. અહીં ભગવાનના આડંબરની શરૂઆત છે. ભગવાન રથ બનાવવાનું કહે છે. કેવી રીતે એ પણ જણાવે છે. પૃથ્વી રથ બનશે. બ્રહ્માજી સારથી બનશે. બ્રહ્માજીના અનેક મુખ હોવાને કારણે ચારેબાજુ જોઈ શકે માટે. સૂર્ય-ચંદ્રને રથનાં પૈડાં બનવાનું આહવાન કરાયું. ત્રણ નગરીના નાશ માટે ૩ તીર જોઈએ ભગવાન વિષ્ણુને તીર બનવાનું કહેવાયું. મેરૂ પર્વતને ધનુષ બનાવ્યા. મંદ્રાચલ ને રથની ધરી બનવાનું આવ્યું. ચારવેદ ને ઘોડા અને શાસ્ત્રો ને લગામ બનાવ્યા. શેષનાગને ધનુષની પણછ બનાવ્યા. આમ સદાશિવ ત્રિપુર હરણની તૈયારી કરે છે. ૧૦૦ વર્ષની વાર હોવા છતાં ભગવાન તમામ દેવતાઓ સાથે ૧૦૦ વર્ષ સુધી રથ પર ટકટકી લગાવી બેઠા રહ્યા. એ ક્ષણ આવી ત્યારે ભગવાન શિવે એક તીર પાશુપતાસ્ત્ર થી ક્ષણમાં ત્રણેય નગરીનો ધ્વંસ કર્યો. આ બધો ભગવાનનો કેવો આડંબર ! આચાર્ય કહે છે. તમે માત્ર સંકલ્પથી આ કાર્ય કરી શક્યા હોત તો પણ તમે આવો આડંબર કર્યો. અમે આપની આવી લીલાને સમજી ના શકીએ, માટે એને હું આડંબર કહું છું. પુષ્પદંત આચાર્યજીને પણ આશ્ચર્ય થાય. આ ત્રણેય નગરી ભગવાન માટે ઘાસ જેવી હતી. છતાંય આટલું મોટું સ્વરૂપ આપ્યું. પોતાની પાસેના સાધનનો ઉપયોગ પ્રભુ ઈચ્છે એમ કરે છે. સમસ્ત બ્રહ્માંડની દરેક ચીજવસ્તુ સદાશિવ માટે રમકડાં જેવી છે. એ જેમ ઉપયોગ કરવા ઈચ્છે એમ કરી શકે. એ કોઈ રીતે પરતંત્ર નથી એ સર્વરૂપે સ્વતંત્ર છે. ભગવાનનું ધાર્યું જ બધું થાય છે. સમગ્ર જીવસૃષ્ટિ કઠપૂતળી છે. ભગવાનની ઈચ્છાને વિધાન સમજી સ્વીકારો. પુરુષાર્થ કર્યો પછી જે પ્રાપ્ત થાય એજ ઈશ્વરની ઈચ્છા ગણો. ફરિયાદ ન કરો. મારી દ્રષ્ટિ ટૂંકી છે. ઈશ્વરની દ્રષ્ટિ દીઘર્દ્રષ્ટિ છે. જે કદાચ તુરત નહીં પરંતુ સમય જતાં યોગ્ય લાગે છે. આ પ્રસંગને આધ્યાત્મિક રીતે જોઈએ તો, ત્રણ નગરી એ ૩ શરીર છે. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ. ૩ પુત્ર વિશ્વ, તૈજસ અને પ્રાજ્ઞ છે. ૩ પુત્રનો વધ કરવાનો છે. ત્રણેય શરીર સાથે તાદામ્યનો વધ કરવાનો છે. છોડવાનું છે. ત્યારે જ પરમ શાંતિ, આનંદનો અનુભવ થાય. ત્રણેય ને એક સાથે વીંધવાના છે. તો જ પરમ લક્ષ્યની પ્રાપ્તિ થાય. જીવે પણ અજ્ઞાન વેધવાનું કાર્ય એક ટકી લગાવીને કરવાનું છે. સદાશિવ માટે આ સરળ હતું છતાં આટલું કર્યું. હું શરીર છું, મન છું એ બધું માની લીધેલું છે. આ આત્મસ્વરૂપ મને નિત્ય પ્રાપ્ત છે. દ્રષ્ટિ ત્યાં સુધી લઈ જવાની છે. માટે જ જીવે ઘણું કરવાનું છે. જીવને જ્યારે સમજાય કે 'જે ગોતે તે પોતે' ત્યારે એને સમજાય છે કે એ પોતે જ પ્રકાશિત છે. ત્યાર પછી કંઈ કરવાનું રહેતું નથી.

શ્લોક : ૧૯

આ શ્લોકમાં આચાર્ય ભગવાન વિષ્ણુની અનન્ય ભક્તિનું વર્ણન કરે છે. સામાન્ય રીતે તમામ દેવતા એકબીજાની પૂજા કરે અને એકબીજાના કામ કરે છે. ઈશ્વર એક જ છે. એમના થકી એ આપણને બોધ આપે છે. વિષ્ણુનું કાર્ય સૌથી કઠિન છે, બ્રહ્માજી જન્મ આપે, શિવજી ધ્વંસ કરે છે. વિષ્ણુ પાલનકર્તા છે. એમનું કામ ઘણું કઠીન છે. આ તમામ શક્તિ શિવ ભક્તિથી પ્રાપ્ત થાય છે. શિવ શક્તિ પ્રદાન કરે છે. કહેવાય છે, વિષ્ણુ ભગવાન કાશીમાં વિશ્વનાથ મહાદેવની રોજ પૂજા કરે, પૂજામાં રોજ ૧૦૦૦ કમળપુષ્પ પ્રદાન કરે છે. પોતે જ ચૂંટીને લાવે, રોજ સહસ્ત્રનામ અર્ચના કરે છે. એક દિવસ વિષ્ણુ ભગવાને પોતે જ બધી તૈયારી કરી હોવા છતાં પૂજામાં છેલ્લે એક કમળ ઓછું પડ્યું. વિષ્ણુજીએ વિચાર્યું કે મારી આંખો કમળ સમાન છે. તો હું મારી એક આંખ જો ચડાવી દઉં તો ૧૦૦૦ નામ પૂરા થઈ જાય. વિષ્ણુ ભગવાન પોતાનું એક નેત્ર કાઢવા તૈયાર થયા, ત્યાં જ ભગવાન શિવ પ્રગટ થયા, પ્રસન્ન થયા અને સુદર્શન ચક્ર પ્રદાન કરે છે. ઘણાંને પ્રશ્ન થાય કે નેત્ર સમર્પિત કરવાની શું જરૂર ? વિષ્ણુ પોતાનો નિયમ કષ્ટ સાથે પણ પુરો કરવા માંગે છે. અનન્ય ભકતની મનોસ્થિતિ સમજવી સામાન્ય મનુષ્ય માટે અઘરું છે. નિયમ પ્રમાણે જ થવું જોઈએ. પૂજા સમયે પણ આસનભંગ ન કરવો જોઈએ. બહુ સજાગતા સાથે પૂજાની બધી સામગ્રી તૈયાર રાખવી જોઈએ. તો જ પૂજામાં મન લાગે. વિષ્ણુજીની પૂજામાં એક કમળ ઓછું પડ્યું કારણ ભગવાન શિવજીએજ ભક્તિની પરીક્ષા માટે એક કમળ ચોર્યું હતું. આવું જ્યારે જ્યારે થાય ત્યારે કસોટી કરતા હોય એવું લાગે. ભગવાન એવું એટલા માટે કરે છે કે ભક્ત અને ભક્તિનો મહિમા વધે. જેથી બીજા સામાન્ય જીવો પણ આ માર્ગે આવે નરસિંહ, મીરાબાઈ, એકનાથ, નામદેવ ને યાદ કરવાનું કારણ એ જ છે. એમની ભક્તિમાં ઘણા વિઘ્નો આવ્યા હતા, છતાં અનન્ય નિષ્ઠાથી વિઘ્ન પાર કરી ભક્તિ કરી. એટલે જ આપણને એ યાદ છે.